Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેના વલણનો અભ્યાસ

**તરન્નુમ આઈ. બુખારી**

**પીએચ.ડી.ની વિદ્યાર્થિની**

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી**

**રાજકોટ**

## સારાંશ

પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનું જાતીયતાના સંદર્ભમાં અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેના વલણની અસર તપાસવાનો હતો. પ્રસ્તુત સંશોધન અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેનું વલણ જાણી વ્યવહારમાં સંશોધન પરિણામો ઉપયોગ થાય તે માટે હાથ ધરવામાં આવ્યુ હતું. આથી પ્રસ્તુત સંશોધન વ્યવહારિક પ્રકારનું હતું. પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓનું અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેનું વલણ જાણવામાં આવશે આથી સંશોધન ક્ષેત્રે શૈક્ષણિક મનોવિજ્ઞાન અને ભાષા શિક્ષણ ગણાવી શકાય. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે વ્યાપવિશ્વમાં રાજકોટ જિલ્લાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યો હતો.સંશોધકએ નમૂના તરીકે રાજકોટ શહેરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યો હતો. જેમાં નવમાં ધોરણના ૩૧૦ વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરેલા હતા. પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકનો હેતુ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેનો વલણ જાણવાનો હતો. તેથી સંશોધક વર્ણનાત્મક પદ્ધતિ સર્વેક્ષણ પ્રકારની પદ્ધતિ પસંદ કરેલ હતી. સ્વરચિત વલણમાપદંડનો ઉપકરણ તરીકે ઉપયોગ કર્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે તૈયાર કરેલ ઉપકરણ વડે કુલ ૩૧૦ પાત્રોએ માહિતી આપી હતી. આ માહિતી વલણ માપદંડમાં અપાયેલા વિધાનો સામે અપાયેલા વિકલ્પોના સંદર્ભમાં પ્રતિચારોના સ્વરૂપમાં હતી. બે જૂથોના સરાસરી વલણાંકોનો તફાવત ચકાસવા માટે સરાસરીના તફાવતની સાર્થકતા નક્કી કરવા ટી–ગુણોત્તર કસોટીનો ઉપયોગ કર્યો હોત. ટી–મૂલ્ય શોધવા માટે જુદા–જુદા જૂથોમાં પાત્રોની સંખ્યા, વલણાંકની સંખ્યા, વલણાંકની સરાસરી અને પ્રમાણ વિચલન શોધ્યા હતા. અભ્યાસના અંતે જાણવા મળ્યું માધ્યમિક શાળાની કુમારો કરતાં કન્યાઓનું અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેનું વલણ ઉંચુ હતું એટલે કે ધનાત્મક જોવા મળ્યું હતું.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેના વલણનો અભ્યાસ**

## ૧.૦ પ્રસ્તાવના

આજના યુગમાં માનવસમાજ તેની સમસ્યાઓને ઉકેલ તો આવ્યો છે, અને તે પોતાની આસપાસના વિશ્વને સમજવાનો પ્રયત્ન સદીઓથી કરે છે. કોઈપણ સમાજ, રાષ્ટ્ર અને સંસ્કૃતિના વિકાસના પાયામાં શિક્ષણ રહેલું છે. વર્તમાન સમયનું શિક્ષણ દિવસેને દિવસે જટિલ, ઝડપી અને સ્પર્ધાત્મક બનતું જાય છે.

પ્રવર્તમાન સમયમાં માધ્યમિક શાળા કક્ષાએ અંગ્રેજી ફરજિયાત વિષય રહેતા એક મુખ્ય વિષય બનીને રહી ગયો છે. આવા સમયે પ્રવર્તમાન વિદ્યાર્થીઓના અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેના મનોભાવો જાણવા જરૂરી છે. મનોભાવો એટલે કે કોઈ ચોક્કસ બાબત પ્રત્યેના વિદ્યાર્થીના ગમા કે અણગમાનો ભાવ. આમ પ્રયોજકે માધ્યમિક શાળા કક્ષાએ વિદ્યાર્થીઓના અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેના મનોવલણ જાણવાના હેતુથી પ્રસ્તુત અભ્યાસ હાથ ધર્યો હતો.

સફળતા જેટલી સફળ થનારી બીજી એકેય ચીજ નથી. આજના સમયમાં જો વિદ્યાર્થીઓને સફળતા મેળવવી હોય તો તેમને શિક્ષકોનું માર્ગદર્શન મળવું જોઈએ. ધોરણ દસ પછી શાળાઓમાં વિદ્યાર્થીઓના ચાલતા વિવિધ વિષયની પસંદગી કરવાની હોય છે. આ કાર્ય ખૂબ જ મુશ્કેલીભર્યુ અને જટિલ છે. આ કાર્ય માટે શિક્ષકે વિદ્યાર્થીઓના માર્ગદર્શક થવું જોઈએ. કેટલીક વખત ભાષાના વ્યાકરણમાં વિદ્યાર્થીઓને રસ હોતો નથી. વિદ્યાર્થીના ગમા–અણગમાની અસર જોઈ શકાતી નથી કે માપી શકાતી નથી અને તેથી સંશોધકે પોતાના ક્ષેત્રમાં આ વિષય પ્રત્યે વિદ્યાર્થીઓ કેવુ વલણ ધરાવે છે. તેને જાણવાના પ્રયાસમાં આ સંશોધન હાથ ધર્યુ છે.

## ૨.૦ અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે હતા.

૧. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનું અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેના વલણો જાણવા માટે લિકર્ટ સ્કેલ પદ્ધતિએ વલણ માપદંડની રચના કરવી.

૨. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનું જાતીયતાના સંદર્ભમાં અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેના વલણની અસર તપાસવી.

## ૩.૦ અભ્યાસની ઉત્કલ્પના

સંશોધકે આ મુજબની શૂન્ય ઉત્કલ્પના રચી હતી.

૧. માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા કુમાર અને કન્યાઓના અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેના વલણાંકમાં સાર્થક તફાવત નહીં હોય.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## ૪.૦ ચલ

પ્રસ્તુત અભ્યાસમાં સ્વતંત્ર ચલ તરીકે જાતીયતા જેની બે કક્ષાઓ (૧) કુન્યા અને (૨) કુમારો હતા.

પ્રસ્તુત અભ્યાસમાં પરતંત્ર ચલ તરીકે અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેના મનોવલણના પ્રાપ્તાંકો હતા.

## ૫.૦ સંશોધન પ્રકાર

પ્રસ્તુત સંશોધન અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેનું વલણ જાણી વ્યવહારમાં સંશોધન પરિણામો ઉપયોગ થાય તે માટે હાથ ધરવામાં આવ્યુ હતું. આથી પ્રસ્તુત સંશોધન વ્યવહારિક પ્રકારનું હતું.

## ૬.૦ સંશોધનનું ક્ષેત્ર

પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓનું અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેનું વલણ જાણવામાં આવશે આથી સંશોધન ક્ષેત્રે શૈક્ષણિક મનોવિજ્ઞાન અને ભાષા શિક્ષણ ગણાવી શકાય.

## ૭.૦ વ્યાપવિશ્વ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે વ્યાપવિશ્વમાં રાજકોટ જિલ્લાની માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યો હતો.

## ૮.૦ નમૂના પસંદગી

સંશોધકએ નમૂના તરીકે રાજકોટ શહેરની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓનો સમાવેશ કર્યો હતો. જેમાં નવમાં ધોરણના ૩૧૦ વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરેલા હતા.

## ૯.૦ સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત અભ્યાસમાં પ્રયોજકનો હેતુ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેનો વલણ જાણવાનો હતો. તેથી સંશોધક વર્ણનાત્મક પદ્ધતિ સર્વેક્ષણ પ્રકારની પદ્ધતિ પસંદ કરેલ હતી.

## ૧૦.૦ ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં ઉપકરણ તરીકે પ્રયોજકે સ્વરચિત વલણમાપદંડનો ઉપકરણ તરીકે ઉપયોગ કર્યો હતો.

## ૧૧.૦ માહિતી એકત્રીકરણ

પ્રસ્તુત સંશોધનનો મુખ્ય હેતુ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓનો અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેના વલણ જાણવાનો હતો. આ માટે સંશોધકે માહિતી મેળવવા માટે વલણપ માપદંડની રચના કરી તેનો ઉપયોગ કર્યો હતો. આ માપદંડ દ્વારા વિદ્યાર્થીનું નામ, શાળાનું

નામ, જાતીયતા અને વિસ્તાર વગેરે અંગે પ્રારંભિક માહિતી પણ મેળવી હતી.

સંશોધકે વિદ્યાર્થીને સૂચનો આપ્યા બાદ વલણ માપદંડ ભરવા માટે આપવામાં આવ્યો હતો. તેના માટે સમયનું બંધન ન હતું. આમ છતાં બધા વિદ્યાર્થીઓને ૨૫ મિનિટમાં વલણ માપદંડ ભરીને પરત કર્યો હતો.

સંશોધકે વલણ માપદંડ પરત મેળવતી વખતે માપદંડ દ્વારા મળેલ વિગતોની પૂરતી ચકાસણી કરી હતી. બધા વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિચારો બરાબર દર્શાવ્યા છે કે નહિ તે બાબતને ધ્યાનમાં રાખી જે વલણ માપદંડમાં અધૂરી વિગતો જોવા મળી તે વલણ માપદંડ ફરી વખત ભરવા માટે પરત આપવામાં આવ્યો હતો. આ રીતે નમૂનાના પાત્રો પાસેથી માહિતી મેળવી હતી.

## ૧૨.૦ પ્રાપ્ત માહિતી

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે તૈયાર કરેલ ઉપકરણ વડે કુલ ૩૧૦ પાત્રોએ માહિતી આપી હતી.

આ માહિતી વલણ માપદંડમાં અપાયેલા વિધાનો સામે અપાયેલા વિકલ્પોના સંદર્ભમાં પ્રતિચારોના સ્વરૂપમાં હતી.

## ૧૩.૦ માહિતી વિશ્લેષણની રીત

પ્રયોજકે હેતુ સંશોધનમાં આવરાયેલા ચલોની કક્ષાઓ વચ્ચેના અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેના વલણમાં તફાવત ચકાસવાનો હતો. ચલોને આધારે નક્કી કરેલા બે જૂથોના સરાસરી વલણાંકોનો તફાવત ચકાસવા માટે સરાસરીના તફાવતની સાર્થકતા નક્કી કરવા ટી–ગુણોત્તર કસોટીનો ઉપયોગ કર્યો હોત. ટી–મૂલ્ય શોધવા માટે જુદા–જુદા જૂથોમાં પાત્રોની સંખ્યા, વલણાંકની સંખ્યા, વલણાંકની સરાસરી અને પ્રમાણ વિચલન શોધ્યા હતા.

## ૧૪.૦ માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન

સંશોધકે અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેનું વલણ જાણવા અભ્યાસ હાથ ધર્યો હતો. જેમાં ૩૧૦ વિદ્યાર્થીઓ પાસેથી જે માહિતી પ્રાપ્ત થઈ તેને ઉત્કલ્પના મુજબ આ રીતે રજૂઆત કરવામાં

આવી છે.

ઉત્કલ્પના–૧ "માધ્યમિક શાળાના કુમારો અને કન્યાઓના અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેનાં મનોવલણ માપદંડ પરના સરેરાશ પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નહીં હોય."

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

**સારણી–૧**

**જાતીયતા અનુસાર વિદ્યાર્થીઓની સંખ્યા, સરાસરી, પ્રમાણવિચલન અને ટી–મૂલ્ય**

| ક્રમ | જાતીયતા | સંખ્યા | સરાસરી | પ્રમાણવિચલન | ટી–મૂલ્ય | સાર્થકતા |
|---|---|---|---|---|---|---|
| ૧ | કુમારો | ૧૫૫ | ૬૬.૮૪ | ૬.૬૬૮ | ૨.૫૪ | ૦.૦૫ કક્ષાએ સાર્થક |
| ૨ | કન્યા | ૧૫૫ | ૭૪.૭૧ | ૭.૯૯૭ | | |

સારણી–૧ નો નો અભ્યાસ કરતા જાણવા મળે છે કે જાતીયતા અનુસાર બે જૂથોનો સમાવેશ કરેલ છે. જેમાં કુમારો અને કન્યાઓનો સમાવેશ થાય છે. સંશોધકે નમૂનાના પાત્રો તરીકે ૧૫૫ કુમારો અને ૧૫૫ કન્યાઓનો સમાવેશ કરેલ હતો. જેમાં કુમારો સરાસરી ૬૬.૮૪ છે. જ્યારે કન્યાઓની સરાસરી ૭૪.૭૧ છે. જ્યારે કુમારોનું પ્રમાણ વિચલન ૬.૬૬૮ છે અને કન્યાઓનું પ્રમાણ વિચલન ૭.૯૯૭ જોવા મળ્યુ હતુ જેથી જાતીયતાની અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેના વલણના સરેરાશાંકો વચ્ચે તફાવતની સાર્થકતા માટેનું ટી–મૂલ્ય ૨.૫૪ મળ્યું હતું. જે ૦.૦૫ કક્ષાએ સાર્થક છે. તેથી રચેલ શૂન્ય ઉત્કલ્પના–૧ ‘‘માધ્યમિક શાળાના કુમારો અને કન્યાઓના અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેનાં વલણ માપદંડ પરના સરેરાશાંકો વચ્ચે સાર્થક નહીં હોય.’’નો અસ્વીકાર કરવામાં આવ્યો હતો.

આથી કહી શકાય કે જાતીયતા અનુસાર કુમારો કરતા કન્યાઓના અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેનું વલણ ઊંચુ એટલે વધારે ધનાત્મક જોવા મળ્યું હતું.

**૧૫.૦ તારણો**

માધ્યમિક શાળાની કુમારો કરતાં કન્યાઓનું અંગ્રેજી વ્યાકરણ પ્રત્યેનું વલણ ઉંચુ હતું એટલે કે ધનાત્મક જોવા મળ્યું હતું.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

## સંદર્ભસૂચિ

ઉચાટ, ડી.એ. (૨૦૧૨). **શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર.** (દ્વિતીય આવૃતિ), રાજકોટ : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

..........., (૧૯૮૮). **સંશોધનનું સંદોહન.** રાજકોટ : શિક્ષણ શાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

..........., (૧૯૮૯–૨૦૦૬). **સંશોધનોનો સારાંશ.** રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

..........., (૧૯૮૮). **સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો ?** રાજકોટ : નિજિજન સાયકો સેન્ટર.

દેસાઈ, હ. ગુ. અને દેસાઈ, કૃ. ગો. (૧૯૯૨). **સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ** (૫ મી આવૃત્તિ). અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

દોંગા, એન. એસ. (૨૦૧૨). **અધ્યાપન મનોવિજ્ઞાનમાં નવી દિશાઓ, વિકાસ, શિક્ષણ પ્રક્રિયા અને માહિતી ટેક્નોલોજી.** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.